# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૪/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'કાર કેર એન્ડ મેઇન્ટેનન્સ ડયુરીંગ એન્ડ પોસ્ટ લોકડાઉન' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'કાર કેર એન્ડ મેઇન્ટેનન્સ ડયુરીંગ એન્ડ પોસ્ટ લોકડાઉન' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે વર્લ્ડ ઓટો ફોરમના સીઇઓ શ્રી અનુજ ગુગલાની, ઓટોમોટીવ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સીલના સીઇઓ શ્રી અરીંદમ લહેરી અને એમક્વીકના ફાઉન્ડર શ્રી મેહુલ દેસાઇએ લોકડાઉન દરમિયાન લોકોના ઘરોમાં તેમજ ગેરેજમાં બંધ પડેલી કારને ટેકનીકલી મુશ્કેલીથી બચાવવા તેમજ કોરોના ફ્રી રાખવા માટે એની કેવી રીતે દરકાર લેવી તે અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના માનદ્‌ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન દરમિયાન એક મહિના સુધી કાર ઘરમાં પડી રહેશે ત્યારે કારમાં કોઇ ટેકનીકલી સમસ્યા ઉભી ન થાય તેના માટે આપણે શું કાળજી રાખવી જોઇએ તે અંગેના માર્ગદર્શન માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

શ્રી અનુજ ગુગલાનીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનના પિરિયડમાં પણ જેવી રીતે આપણે ઘરોમાં જુદી–જુદી એકટીવિટી કરી રહયાં છે તેવી રીતે કારને પણ ચાલુ કન્ડીશનમાં રાખવી પડશે. એના માટે ત્રણ–ચાર દિવસમાં એક વખત કારને પાંચ–દસ મિનિટ માટે ચાલુ કરો. કારના કાચ નીચે ઉતારીને અંદર કોઇ ગેસ ગાડીમાં લીક થયો છે કે કેમ તે ચકાસો. એક જ જગ્યાએ ગાડી ઉભી રહેશે તો ટાયરમાં ફલેટ સ્પોર્ટ્સ બની જાય છે એટલે ગાડીને આગળ પાછળ મુવ કરીને સુરક્ષિત સ્થળે પાર્ક કરો. ખાણીપીણીની ચીજવસ્તુઓ કારમાં નહી રહી જાય તેનું ખાસ ધ્યાન રાખો.

કાર સેનીટાઇઝેશન અંગે માહિતી આપતા તેમણે કહયુ હતુ કે, કારને કોરોના ફ્રી રાખવા માટે સોપ સોલ્યુશન વોટરથી કારને વોશ કરો. ઇથનોલ રબીંગ અલ્કોહોલને પાણીમાં નાંખીને તેનો કારમાં સ્પ્રે કરી શકાય છે. કારના દરવાજા ખોલતી વખતે ગ્લવ્ઝ પહેરી શકો છો અને કારને સેનીટાઇઝ કરી શકો છો. ઘરની સાફસફાઇ માટે ઉપયોગમાં લેવાતા અમોનિયા અને બ્લીચ જેવી વસ્તુઓનો ભૂલથી પણ ઉપયોગ ન કરો. હાલના સંજોગોમાં એસીને કલીયર કરવા માટે કારના ચારેય દરવાજા ખોલીને એસી ચાલુ કરીને એ પૂરું નહીં થાય ત્યાં સુધી કારને તડકામાં જ ઉભી રાખો. કારમાં ફ્રેશ એર જમા થાય એ પણ જરૂરી છે.

શ્રી અરીંદમ લહેરીએ જણાવ્યુ હતુ કે, મોટાભાગે કાર આઉટડોર પાર્ક થાય છે તો કારને કવરથી ઢાંકી દેવી જોઇએ. બર્ડ ડ્રોપ જો લાંબા સમય સુધી કાર પર પડી રહેશે તો ડાઘ રહી જવાની શકયતા વધી જાય છે. જો એકજ જગ્યાએ કાર ઉભી રહેશે તો ટાયરની લાઇફ પુરી થઇ શકે છે. કારણ કે કારના ટાયર ભલે મોટા હોય પણ એના પોઇન્ટ્સ ખૂબ જ નાના હોય છે. લોકડાઉન બાદ એસીને ચેક કરવાનુ નહીં ભુલતા. ઉનાળામાં એસી સર્વિસિંગ કરવાની જરૂરિયાત હોય છે. સર્વિસ સેન્ટર પરના લોકો પણ ગામ જતા રહયા હશે તો તમારી ગાડીની સર્વિસ લંબાઇ જશે. આથી ઘરે રહીને પણ તમારા કારની તમે ધ્યાન રાખી શકો છો.

શ્રી મેહુલ દેસાઇએ જણાવ્યુ હતુ કે, લોકો માટે વ્હીકલ પહેલા લકઝરી હતી પણ હવે એ બધાની જરૂરિયાત બની ગઇ છે. હાલમાં કોરોનાની જે વિકટ પરિસ્થિતિ સર્જાઇ છે તે ભવિષ્યમાં કયારેય પણ ન સર્જાય તેવી આશા વ્યકત કરી કાર્યક્રમનું ખૂબ જ કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતુ.

આ વેબીરનામાં સુરત ઉપરાંત વિવિધ શહેરોમાંથી લોકોએ ભાગ લીધો હતો અને તેઓના વિવિધ સવાલોના વકતાશ્રીઓએ સંતોષકારક જવાબ પણ આપ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.